**અમદાવાદના મહે. એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૦ માં.**

ક્રિ.કેસ નં.૬૩૪૦૧/૧૭
આંક :–૧૩

ફરીયાદી :– સ ર કા ર શ્રી.

વિરૂધ્ધ

આરોપી :– (૧) સલીમભાઈ મહેબુબખાન પઠાણ
(૨) સુફીયાન સલીમભાઈ પઠાણ
રહે:મ.નં. ૧૭૩૦, શેખા મુંજાલની પોળ,
કાલુપુર પોલીસ સ્ટેશન સામે,કાલુપુર,
અમદાવાદ.

બાબત :–ધી ઈ.પી.કોડની કલમઃ ૩૨૩,
૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪, તથા જી.પી.એકટ કલમઃ ૧૩૫(૧) મુજબ.

---

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.એમ.રાવલ
આરોપી પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી .એસ.એ.માલવત

**<u>ચુ કા દો</u>**

૧. આરોપી સામેના ફરીયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે આ કામના આરોપીઓએ તા.૩/૨/૧૭ ના કલાકઃ૨૨–૩૦ વાગ્યાના સુમારે , ફરીયાદીને પોતાની પાસેના લાકડાના દંડા વડે પીઠના ભાગે તથા ડાબા પગે , માર મારી , મુઢ ઈજાઓ પહોંચાડી તથા બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી , એકબીજાની મદદગારી કરેલ તે મતલબની ફરીયાદીએ,ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુન્હો નોંધી, જરૂરી પોલીસ તપાસ પુરી કરી આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી માટે રજુ કરવામાં આવેલ છે.

૨. આરોપીઓ ના.અદાલત રૂબરૂ હાજર થતાં તેઓને, તેમની સામેના પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે આપવામાં આવેલી છે.ત્યારબાદ ફરીયાદ પક્ષે કરવામાં આવેલા આક્ષેપોની

વિગતવાર સમજુતી આપ્યા બાદ આંક: ૬ થી વિગતવારનું તહોમતનામું ફરમાવ્યા બાદ , આંક:૭ થી આરોપીઓનો જવાબ લેતાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેતાં સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

૩. ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક:૮ થી ફરીયાદી મોહમંદ જુબેર અબ્દુલ અજીજ દાવલ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ દ્વારા આંક:૯ થી ફરીયાદ રજુ રાખવામાં આવેલ છે .આંક:૧૦ થી મુદ્દામાલ રીકવરીનું પંચનામું , આંક:૧૧ થી મેડીકલલ સર્ટી , આંક:૧૨ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખવામાં આવેલ છે. આ સિવાય ફરીયાદ પક્ષ તરફથી અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો નથી.

૪. સદર કામે આરોપીનું સી.આર.પી.સી.ક.૩૧૩ હેઠળ વધારાનું નિવેદન નોંધવાલાયક પુરાવો ન હોય, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલું નથી.

૫. સદર કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે તેમના વિ.વ.શ્રીને સાંભળવામાં આવેલા છે.

૬. ઉપરોકત હકીકતોના આધારે પ્રસ્તુત ફરીયાદના આખરી નિર્ણય સારૂ મારી દ્રષ્ટિએ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુ દ્દા**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ હકીકત સાબિત કરે છે કે બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપીએ ધી ઈ.પી.કોડની ક.૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪, તથા જી.પી.એકટ કલમ: ૧૩૫(૧) મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલો છે ?

૨. આખરે શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

૮. ઉપરોકત મુદ્દાના જવાબો માટેના મારા કારણો નીચે મુજબ છે.

**<u>કા ર ણો</u>**

૯. **<u>મુદ્દા નંબર ૧ અને ૨ :-</u>** આ બંને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય સુવિધા ખાતર તેની સંયુકત ચર્ચા નીચે મુજબની કરવામાં આવેલી છે.

૧૦. હવે આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ સાબીત કરવા અર્થે સદર કામે આંક:૮ થી ફરીયાદી મોહમંદઝૂબેર અબ્દુલઅજીજ દાવલ જુબાની આપી જણાવે છે કે આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજું કાંઈ બનેલ નહી. આરોપીઓએ તેઓને કોઈ ગાળો આપી , હથીયારથી માર મારી , ધમકી આપેલ હોય તેવું બનેલ નહી. બનાવ અંગે તેઓએ ફરીયાદ આપેલી. ફરીયાદ જોઈને તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. ફરીયાદ આંક:૯ થી રજુ છે. સદરી શાહેદ તેઓની ફરીયાદ હકીકત થી તદ્દન વિરોધાભાસી જુંબાની આપતાં હોય વિ.એ.પી.પી.શ્રી એ તેઓને ફરી ગયેલા શાહેદ જાહેર કરેલ છે. જયારે બચાવ પક્ષે કોઈ ઉ.ત. કરવામાં આવેલ નથી. ફરીયાદ પક્ષે આંક:૧૦ થી હથીયાર રીકવરીનું પંચનામું રજુ રાખવામાં આવેલ છે ,આંક:૧૧ થી ઈન્જરી સર્ટી. રજુ રાખવામાં આવેલ છે. પરંતું તે અંગે નો કોઈ મૌખિક પુરાવો રેકર્ડ ઉપર રજુ રાખવામાં આવેલ નથી.

૧૦. આમ સમગ્ર પુરાવો વંચાણે લેતાં જયારે ફરીયાદી જ તેઓની ફરીયાદ હકીકતથી તદ્દન વિરોધાભાસી જુંબાની આપી , આ કામના આરોપીઓ સાથે માત્ર સામાન્ય બોલાચાલી થયેલી હોય તેમ જણાવતાં હોય અને આ કામના આરોપીઓએ તેઓને કોઈ હથીયાર થી માર મારેલ હોય કે ધમકી આપેલ હોય તેવું બનેલ નહી તેમ જણાવતાં હોય ત્યારે ફરીયાદ પક્ષે રજુ થયેલા ફરીયાદી શાહેદ ના સોગંદ પરના પુરાવાથી આરોપીઓને આ કામે ગુના સાથે સાંકળી શકાય તેવો મહત્વનો પુરાવો રેકર્ડ પર આવેલો ન હોવાથી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.તેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**હુ ક મ**

ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૮ (૧) મુજબ આ કામના આરોપીઓ:(૧) સલીમભાઈ મહેબુબખાન પઠાણ(૨) સુફીયાન સલીમભાઈ પઠાણ રહે:મ.નં. ૧૭૩૦, શેખા મુંજાલની પોળ, કાલુપુર પોલીસ સ્ટેશન સામે,કાલુપુર,અમદાવાદ. નાઓને, તેમની સામેના ધી ઈ.પી.કોડની કલમ: ૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪, તથા જી.પી.એકટ કલમ: ૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ લાકડાના દંડાનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જામીન તથા પર્સનલ બોન્ડ અપીલ સમય સુધી લંબાવવામાં આવે છે.

હુકમ આજ તા.૩૧ મી માહે માર્ચ સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

*( દિગ્નેશ કનૈયાલાલ સોની )*
*એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,*
*કોર્ટ નં.૧૦, અમદાવાદ.*
*GJ-00729*